# ગ્રંથપાલ

ગ્રંથપાલ એ માહિતી વિજ્ઞાન વ્યાવસાયિક છે જે શાળા/સ્થાનિક પુસ્તકાલય/કોલેજ/યુનિવર્સિટી/સરકારી ભંડોળ પ્રાપ્ત પુસ્તકાલય/ખાનગી સંસ્થાઓ તેમજ પુસ્તકાલયો સહિત કંપનીઓમાં કામ કરે છે. ગ્રંથપાલ પુસ્તકો, સામયિકો અને આધુનિક સમયના સાધનો જેમ કે ઈ-પુસ્તકો, ઑડિયોબુક્સ અને વિડીયો રેકોર્ડિંગ્સ અને અન્ય ડિજિટલ સ્ત્રોતોમાં સમાવિષ્ટ માહિતીના વિશાળ જથ્થાને સરળતાથી ઉપલબ્ધ કરી શકાય તે સુનિશ્ચિત કરે છે. તેઓ અભ્યાસ માટે આવશ્યક સામગ્રી સરળતાથી શોધી શકાય તે માટે પુસ્તકાલયનું સંચાલન અને આયોજન કરવા માટે જવાબદાર છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે વૈવિધ્યપૂર્ણ પુસ્તકોના સંગ્રહમાં  રૂચિ અને જ્ઞાન ધરાવો છો
- તમે કુશળ સંવાદકર્તાછો
- તમે એક સારા આયોજક છો
- તમને વાંચવું ગમે છે અને અન્ય લોકોમાં વાંચન પ્રત્યે રસ જગાવો છો



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૫,૦૦૦ થી ૧,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. લાઈબ્રેરી સાયન્સ (બી.લીબ.) અથવા લાઈબ્રેરી ઈન્ફર્મેશન સાયન્સ (બી.લીબ.સાય.)માં સ્નાતકની ડિગ્રી મેળવો  અને ત્યારબાદ તે જ ક્ષેત્રમાં અનુસ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો.

**અથવા**

લાઈબ્રેરી સાયન્સમાં ડિપ્લોમા અથવા સર્ટિફિકેટ કોર્સ પૂર્ણ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ગ્રંથપાલનું અંદાજીત માસિક વેતન
રૂ. ૯,૦૦૦ થી ૪૫,૦૦૦* જેટલું હોય છે.

સ્ત્રોત:https://www.payscale.com/research/IN/Job=Librarian/Salary/

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** જાહેર અને ખાનગી પુસ્તકાલયો, સરકારી અને ખાનગી શાળાઓ, સરકારી અને ખાનગી કોલેજો/યુનિવર્સિટીઓ, સામુદાયિક પુસ્તકાલયો, સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સંચાલિત પુસ્તકાલયો

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે ઓફિસ/પુસ્તકાલયમાં બેસીને કામ કરશો. તમે દરરોજ ૮ કલાક કામ કરશો તેવી અપેક્ષા છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

મદદનીશ ગ્રંથપાલ → નાયબ ગ્રંથપાલ → ગ્રંથપાલ → મુખ્ય ગ્રંથપાલ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

લાઈબ્રેરિયન, લાઈબ્રેરિયન ઈનચાર્જ, લાઈબ્રેરિ એજ્યુકેટર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ લાઈબ્રેરી અને ઈન્ફર્મેશન સાયન્સ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. ગવર્મેન્ટ આર્ટ્સ કૉલેજ, વલસાડ
૨. મહાત્મા ગાંધી કાશીવિદ્યાપીઠ, વારાણસી
૩. જાદવપુર યુનિવર્સિટી, કોલકાતા
૪. એમ.એસ.યુ., વડોદરા
૫. જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટી, નવી દિલ્હી
૬. સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટી, પુણે
૭. ઓસ્માનિયા યુનિવર્સિટી, હૈદરાબાદ
૮. ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેરગામ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. ડૉ. સુભાષ યુનિવર્સિટી, જુનાગઢ
૨. શ્રી કૃષ્ણ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, કોઈમ્બતુર
૩. રાજીવ ગાંધી કોલેજ, ભોપાલ
૪. બિશપ હેબર કોલેજ, તિરુચિરાપલ્લી
૫. જી.એસ.એફ.સી. યુનિવર્સિટી, વડોદરા
૬. જમશેદપુર મહિલા કોલેજ, જમશેદપુર
૭. અનુગ્રહ નારાયણ કોલેજ, પટના
૮. જી.એલ.એસ. યુનિવર્સિટી, અમદાવાદ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**ઉષા મુકુંદા** એક ગ્રંથપાલ છે જેઓ ૩૫ વર્ષથી બાળકો માટે ખુલ્લા પુસ્તકાલયોના પ્રખર હિમાયતી છે. તેણીએ પ્રેસિડેન્સી કોલેજ કલકત્તામાંથી અંગ્રેજી સાહિત્યમાં ઓનર્સની પદવી અને બેંગ્લોર યુનિવર્સિટીમાંથી લાઈબ્રેરિયનશિપમાં અનુસ્નાતકની પદવી હાંસલ કરેલ છે. તેણીએ વર્ષ ૧૯૯૦માં સેન્ટર ફોર લર્નિંગ (બેંગલુરૂ)ની સહ-સ્થાપના કરી અને ત્યાં એક ખુલ્લા પુસ્તકાલયની સ્થાપના કરી. તેણીએ સમગ્ર ભારતમાં અનેક ગ્રામીણ, સરકારી અને સામુદાયિક પુસ્તકાલયો સાથે કામ કર્યું.*

સ્ત્રોત:https://www.paragreads.in/usha-mukunda-3/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.